(વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવાની જાહેરાત)

જાહેરાત

**નિયામક, સમાજ સુરક્ષા, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી ખાતે કાયદા સલાહકારની જગ્યા ૧૧ માસ માટે કરાર આધારિત ભરવા બાબત.**

નિયામક, સમાજ સુરક્ષા, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી માટે કાયદા સલાહકારની સેવાઓ કરાર આધારિત ૧૧ માસ માટે ઉચ્ચક મહેનતાણાથી લેવાની હોવાથી આ જગ્યા પર ઉમેદવારી નોંધાવવા માંગતા ઉમેદવારો પાસેથી નીચેની વિગતોએ નિયત નમૂનામાં અરજીઓ મંગાવવામાં આવે છે.

- જગ્યાનું નામ :- કાયદા સલાહકાર,
- કુલ જગ્યા :-૦૧,
- ઉચ્ચક મહેનતાણું :-રૂા.૬૦,૦૦૦/- પ્રતિમાસ

**જગ્યાની ઉમેદવારી માટેની લાયકાત અને અનુભવની વિગતો નીચે મુજબ છે.**

1. કાયદાના સ્નાતક કે તેનાથી ઉપરની પદવી ધરાવતા હોવા જોઇશે અને સનદ રજૂ કરવાની રહેશે.
2. ઉપલી વયમર્યાદા ૫૫ વર્ષ રહેશે. એટલે કે ૫૫ વર્ષ વય સુધીના ઉમેદવાર અરજી કરી શકશે. ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.
3. કોર્ટમાં વકીલાતની કામગીરીનો લઘુતમ ૫ વર્ષનો અનુભવનો આધાર રજુ કરવાનો રહેશે.
4. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા અમલ કરાતા કાયદાના કેસોનો અનુભવ ધરાવતા કાયદા નિષ્ણાંતના અનુભવને અગ્રતા આપવામાં આવશે.
5. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં એનરોલમેન્ટ હોવાનું પ્રમાણપત્ર કે આધાર વકીલ માટે જરૂરી રહેશે.
6. ગુજરાતી અને અંગ્રેજી ભાષા ઉપરનું પ્રભુત્વ અનિવાર્ય રહેશે.
7. અનુભવની બાબતમાં સંજોગો મુજબ છુટછાટ પણ મુકી શકશે.

**શરતો :-**

૧. અરજી પત્રક સાથે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના નામનો રૂ.૨૫૦/-નો ડિમાન્ડ ડ્રાફટ મોકલવાનો રહેશે.

૨. સંપુર્ણ વિગતો સાથે ભરાયેલ અરજી પત્રક જરૂરી તમામ પ્રમાણપત્રોની સ્વ-પ્રમાણિત (Self Attested) નકલ સાથે જાહેરાત પ્રસિધ્ધ થાય તે તારીખથી દિન-૧૫માં નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, બ્લોક નં ૧૬, ભોયતળીયે, ડો.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગરના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલી આપવાની રહેશે. (કોઈપણ સંજોગોમાં અરજી રૂબરૂ સ્વીકારવામાં આવશે નહી.)

૩. યોગ્ય લાયકાત ધરાવતાં ઉમેદવારોનું મૌખિક ઈન્ટરવ્યુ અને ઉમેદવારોની પસંદગી કરવાની તમામ સત્તાઓ વિભાગીય સમિતિને રહેશે.

૪. લાયક ઉમેદવાર ન મળવાના કિસ્સામાં આ પસંદગી પ્રક્રિયા બંધ કરવાની તેમજ ફરી જાહેરાત પ્રસિધ્ધ કરી કાર્યવાહી કરવાની વિભાગીય સમિતીને સત્તા રહેશે તેમજ સમિતિનો અબાધિત અધિકાર રહેશે.

૫. આ જગ્યા ઉપર નિમણૂંક માટેનું મેરીટ નીચેની પધ્ધતિ અનુસાર તૈયાર કરવામાં આવશે.

Signature Not Verified
Signed by:VIKRAMSINH JADAV
GAS
Director
Date: 2025.05.01 12:19:46
+05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

| ક્રમ | લાયકાત | ગુણનો ભાર |
|---|---|---|
| (૧) | કાયદા સ્નાતકની પદવીમાં મેળવેલ ટકાવારીના આધારે ૭૦ના વેઈટેજ મુજબ ગુણ ફાળવવા. | મેળવેલ ટકા x ૭૦/૧૦૦ |
| (૨) | કાયદા અનુસ્નાતક/પી.એચ.ડી. (કાયદા સ્નાતક કરતા વધારાની લાયકાત માટે) જે લાયકાતમાં વધુ ટકાવારી હોય તે મેળવેલ ટકાવારીના આધારે ૧૫ % ના વેઈટેજ મુજબ ગુણ ફાળવવા. | મેળવેલ ટકા x ૧૫/૧૦૦ |
| (૩) | એક વર્ષના અનુભવ માટે ૦૧ ગુણ લેખે (મહત્તમ ૩૦ ગુણની મર્યાદામાં તેમજ અપુર્ણાંકના કિસ્સામાં ૬ માસથી વધુ હોય તો ગુણ ફાળવવો) અનુભવ બાબતે હાઈકોર્ટ કે તેથી ઉપરની કોર્ટમાં ધારાશાસ્ત્રી તરીકેનો એટલે કે વકીલાતનો પ્રત્યક્ષ અનુભવ જ ધ્યાને લેવામાં આવશે તેમજ બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં નોંધણી તારીખથી અનુભવની ગણતરી કરવામાં આવશે. | મહત્તમ ૩૦ ની મર્યાદામાં |
| (૪) | મૌખિક ઇન્ટરવ્યુ (તેમાં પર્સનાલીટી, સર્વિસ મેટર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના નિયત્રંણ હેઠળના નિયામકશ્રી (સમાજ સુરક્ષા), અશક્તતા આયુક્તશ્રી તેમજ અન્ય સામાજિક અધિકાર સંરક્ષણને લગતા તેમજ બાળકો સંબંધિત કાયદાના કેસોનો અનુભવ ધરાવતા કાયદા નિષ્ણાતના અનુભવને તેમજ સીવીલ કેસના કાયદા નિષ્ણાતને, સંજોગો અનુસાર અગ્રતા આપવામા આવશે. વગેરે બાબતોનો સમાવેશ મુખ્યત્વે કરવામાં આવશે) | ૧૫ ગુણ |
| | **કુલ ગુણ** | **૧૦૦** |

૬. આ જગ્યા પર નિમણૂંક થયેથી ફરજ દરમ્યાન કરેલ ગંભીર બેદરકારી, ગેરવર્તણૂંક કે કપટના કિસ્સામાં તેવા કાયદા સલાહકારશ્રી સામે તેમની નિમણૂંકની સમાપ્તિ થયા પછી પણ નિયામકશ્રી, સમાજ સુરક્ષા કાનૂની પગલાં લઈ શકશે.

**સહી/-**

**(.............)**

નિયામક

સમાજ સુરક્ષા

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

Signature Not Verified
Signed by:VIKRAMSINH JADAV GAS
Director
Date: 2025.05.01 12:19:46 +05:30

File No: DSD/MAW/e-file/226/2024/1121/Administrative Branch
Approved By: Director,DSD

Open the document in Adobe Acrobat DC to verify the E-sign